ગાંધીનગર સમાચાર

# નગર પ્રવાહ...

કેમિસ્ટની પ્રમાણિકતાના બદલે મળી મહિને એક લાખના પગારની ઓફર!!



## @ગાંધીનગર

● પેથાપુરના નિલકંઠ વિલા ફલેટ ખાતે ગણેશ મહોત્સવ અંતર્ગત સત્યનારાયણ ભગવાનની કથા સવારે ૭.૩૦ કલાકે યોજાશે. ત્યાર બાદ બપોરે ૧૨.૦૦ કલાકે ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામાં આવશે.

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે સવારે ગણેશ યાગ અને ત્યારબાદ બપોરે વિસર્જન કાર્યક્રમ યોજાશે. સે-૨૩ ગુરુકુળ વિદ્યાલય ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન રકતદાન કેમ્પ યોજાશે.

● સે-૨૩ ગુરુકુળ વિદ્યાલય ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન રકતદાન કેમ્પ યોજાશે.

● ટાઉનહોલ ખાતે ગુજરાત ટીમ્બર મર્ચન્ટ ફેડરેશન દ્વારા સવારે ૮ થી ૧ દરમિયાન કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## મથુરા ખાતે રાષ્ટ્રીય યુવા સંમેલનમાં શહેરના યુવાનો જોડાયા

ગાંધીનગર, તા. ૨૬

મથુરા ખાતે રાષ્ટ્રીય યુવા સંમેલનમાં ગાંધીનગરના ૫૦ યુવાઓએ ભાગ લઈ ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

ઉલ્લેખનીય છે કે નહેરુ યુવા કેન્દ્રો દ્વારા સમગ્ર દેશના ૧૦૦ જિલ્લામાં જનજાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું, જેના માધ્યમથી સરકારની ફેલોશીપ યોજનાઓના પ્રસાર તેમજ યુવા શક્તિને વિકાસમાં જોડવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. દેશભરમાં ચાલેલા આ પુનર્જાગરણ અભિયાનનું સમાપન મથુરા ખાતે યોજાયું હતું, જેમાં દેશભરના યુવાઓની સાથે ગુજરાતના ૪૦૦ યુવાઓ જોડાયા હતા, જેમાં ગાંધીનગરના યુવાઓની સંખ્યા ૫૦ જોડાયા હતા.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓનું પ્રતિનિધિત્વ આ યુવાજૂથમાં હતું. યુવાનેતા જયેશભાઈ ચૌધરી, બિપીન રાવલ, યુથ કો-ઓર્ડિનેટર રજનીકાન્ત સુથાર, શૈલેષ રાઠોડ વગેરે આ યુવા સંમેલનમાં જોડાયા હતા.

## 'વડફળિયુ' વિષે અરવિંદ વેગડાનું આજે વકતવ્ય

ગાંધીનગર, તા. ૨૬

દલિત સાહિત્ય વિમર્શમંચના ઉપક્રમે મણીલાલ રાનવેરિયાની આત્મકથા 'વડફળીયું' વિષે જાણીતા દલિત કવિ સાહિત્યકાર અરવિંદ વેગડા, તા. ૨૭મી સપ્ટેમ્બરની સાંજે ૫ વાગે ડૉ. આંબેડકર ભવન લોન, સેકટર-૧૨ ખાતે વકતવ્ય આપશે.

## છાલા-મહાદેવપુરા વચ્ચે મધરાત્રે

# ઈનોવા-ટવેરા વચ્ચે ટોઈંગ કરવા ઉભેલો યુવાન ટ્રકની ટકકરે પિચકાઈ ગયો..!

### રાજસ્થાનથી અમદાવાદ આવતા બંધ પડેલી ઈનોવાને ટૉ કરવા તેનો મિત્ર ટવેરા લઈને આવ્યો ને પાછળથી ટ્રકે જબરદસ્ત ટકકર મારી

ગાંધીનગર, તા.૨૬

રાજસ્થાનથી અમદાવાદ તરફ હિંમતનગર હાઈવે પર ઈનોવા ગાડી લઈને આવતું પરીવાર છાલા-મહાદેવપુરા વચ્ચે પહોંચ્યા ત્યાં ઈનોવા બંધ પડી ગઈ હતી. ઈનોવા ટોઈંગ કરવા મિત્રને ટવેરા લઈને બલાવ્યો અને રાત્રે તે મિત્ર ઈનોવાને ટવેરા સાથે બાંધી રહ્યો હતો ત્યારે પાછળથી એક ટ્રકે ટકકર મારતા બંને ગાડીઓ વચ્ચે યુવાન પિચકાઈ ગયો હતો અને ઘટના સ્થળે જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરુ કરી છે.





એક પરીવાર ઈનોવા ગાડી લઈને રાજસ્થાનથી ગઈ રાત્રે હિંમતનગર હાઈવે જઈનો અમદાવાદ તરફ આવી રહ્યું હતું. છાલા નજીક રાત્રે તેમની ઈનોવા ગાડી અચાનક બંધ પડી ગઈ હતી. ઘણા પ્રયત્નો બાદ પણ ગાડી ચાલુ ન થઈ. આસપાસનાં વિસ્તારમાં પણ કોઈ ગેરેજ ખુલ્લુ ન જણાતા આખરે ઈનોવાને ટોઈંગ કરીને ઘરે લઈ જવાનું વિચારી એક મિત્રને ટવેરા લઈને બોલાવી લેવામાં આવ્યો હતો. ૩૨ વર્ષીય મિત્ર પ્રકાશ ધમેરા યાદવ ગાડી લઈને આવ્યો અને ઈનોવાને ટવેરા સાથે ટૉ કરવા બાંધી રહ્યો હતો તે દરમિયાન સડસડાટ નિકળેલી એક ટ્રકે પાછળથી ઈનોવાને જબરદસ્ત ટકકર મારતા ઈનોવા અને ટવેરા વચ્ચે ઉભેલો પ્રકાશ બે ગાડીઓ વચ્ચે પિચકાઈ ગયો હતો અને સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલીસ મથકના હિરાજીએ ટ્રક ચાલક સામે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

# કેમિસ્ટની પ્રમાણિકતાના બદલે મળી મહિને એક લાખના પગારની ઓફર!!

### યુ.એન. મહેતા હોસ્પિટલમાં ચાલતુ દવા-ચોરીનું રેકેટ ખુલ્લું પાડવા બદલ કેમિસ્ટ યોગેશ મારૂને કાર્ગો મોટર્સના માલિકની ઓફર : ચાંદીના શિલ્ડ-પ્રમાણપત્ર સાથે શાલ ઓઢાડી સન્માન કર્યું

ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં અમદાવાદના સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં આવેલ યુ.એન. મહેતા સાર્વજનિક હોસ્પિટલ સામેના દેવ મેડિકલ સ્ટોર્સના યોગેશ મારૂએ કેમિસ્ટ તરીકે અનોખી પ્રમાણિકતાના દર્શન કરાવતા દવા ચોરીના રેકેટને ખુલ્લુ પાડયું હતું. તેમની આ બહાદુરીભરી પ્રમાણિકતા બદલ કાર્ગો મોટર્સ-શ્રધ્ધા હોન્ડાના માલિક રાજેન્દ્ર શેઠ દ્વારા ચાંદીનો શિલ્ડ આપી સન્માન કરાયું હતું. તથા તેમની કંપનીમાં મહિને રૂ. એક લાખના પગારની ઓફર પણ કરવામાં આવી હતી.





થેડા દિવસ પૂર્વ યોગેશ મારૂના મેડિકલ સ્ટોર્સ પરથી એક યુવક પોતાની માતાની સારવાર માટે ડોકટરે લખી આપેલ આશરે રૂપિયા પાંચેક હજારની કિંમતનું ઈન્જેકશન ખરીદી ગયો હતો. માત્ર થોડા કલાક બાદ આ યુવાન ફરીથી એ જ ઈન્જેકશન ખરીદવા આવતા યોગેશ મારૂએ કુતુહલવશ પુછયું કે તમે સવારે તો લઈ ગયા છો ત્યારે પલા યુવકે જણાવ્યું કે તે ઈન્જેકશન ખોવાઈ ગયું છે. લગભગ સાંજના સુમારે યુ.એન. મહેતા હોસ્પિટલની એક નર્સ આ ઈન્જેકશન મારે પરત કરવું છે કહી વેચવા આવી હતી. યોગેશ મારૂએ તેની પાસે બિલ માંગતા તે ગેં ગેં ફેં ફેં કરવા લાગી હતી. આથી યોગેશ મારૂને શંકા જતા ઈન્જેકશન ચેક કર્યું હતું તો સવારે પેલા યુવકને આપેલ ઈન્જેકશન જ નીકળ્યું હતું. આથી તુરંત પેલા યુવકને બોલાવી હોસ્પિટલના સંચાલકોને પણ જાણ કરવામાં આવી હતી. જે અંતર્ગત હોસ્પિટલ દ્વારા નર્સને સસ્પેન્ડ કરી દેવાઈ હતી તેમજ સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરવામાં આવી હતી.

સમગ્ર બનાવની વિગતો અખબારમાં છપાતા યોગેશ મારૂ પર ચોતરફથી અભિનંદનની વર્ષા થવા પામી હતી. આ સમાચાર વાંચીને કાલે અમદાવાદના કાર્ગો મોટરના માલિક અને શ્રધ્ધા-હોન્ડાના નામે હોન્ડાના અનેક શો રૂમ ધરાવતા રાજેન્દ્ર શેઠે દેવ મેડીકલ સ્ટોર્સ પર રૂબરૂ જઈ યોગેશ મારૂને ચાંદીનો શિલ્ડ અને પ્રમાણપત્ર અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. આ સાથે તેમણે યોગેશ મારૂને તેમની કંપનીમાં મહિને રૂપિયા એક લાખના માતબર પગારની ઓફર પણ કરી છે. આમ એક કેમિસ્ટની પ્રમાણિકતાએ સમાજમાં એક પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે.

## મનપાએ નયનરમ્ય મુકિતધામની બાજુમાં મૃત કૂતરાં ખડકયાં

### કૂતરાના મૃતદેહો દાટી દેવાને બદલે ખુલ્લામાં ફેંકાતા મૃતદેહો કોહવાથી ખદબદી જતાં રોગચાળો ફેલાવાની દહેશત

ગાંધીનગર, તા.૨૬

શહેરના મુકિતધામ પાસે આવેલા કોતરોમાં ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા મૃત પશુઓનો નિકાલ કરવામાં આવે છે. મૃત પશુને બહાર નાંખીને જતાં રહેતા હોવાથી મુકિતધામની આસપાસ અતિશય દુર્ગંધ મારે છે. મૃત પશુઓનો યોગ્ય નિકાલ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે તેમ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કેમ્પેઈન સ્વચ્છ ભારત અંતર્ગત દરેક રાજયમાં સ્વચ્છતા ઉપર ભાર મુકવામાં આવે છે. ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ સ્વચ્છતા ઝુંબેશ તંત્ર દ્વારા ચલાવવામાં આવે છે. પરંતુ યોગ્ય સફાઈ થતી ન હોવાના સુર પણ પ્રજાજનોમાં ઉઠવા પામ્યા છે. મનપા દ્વારા અત્યારે હાલના સંજોગોમાં શહેરમાં ઘેર ઘેર કચરો લેવા માટે માણસો વાહન લઈને જાય છે. શહેરને થોડાક અંશે સ્વચ્છ પણ રાખ્યું છે. પરંતુ નગરની બહારના ભાગે પરિસ્થિતિ યથાવત રહેવા પામી છે. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા મૃત પશુઓને શહેરમાંથી લઈ જઈને યોગ્ય જગ્યાએ નિકાલ કરવાનો આદેશ કર્યો છે. પરંતુ આદેશને જાણે કર્મચારીઓ ઘોળીને પી ગયા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના છેવાડે આવેલા મુકિતધામ પાસેના કોતરોમાં મૃત પશુઓને ગાડીમાં આવીને નાંખી દેવામાં આવે છે તેથી આ વિસ્તારમાં અતિશય દુર્ગંધ મારે છે. જેને પગલે મુકિતધામ ખાતે પોતાના સ્વજનના અંતિમ સંસ્કાર માટે આવેલા ડાઘુઓ અતિશય દુર્ગંધથી પરેશાન થઈ જાય છે. તંત્ર દ્વારા જલદી મૃત પશુઓનો યોગ્ય નિકાલ કરી ગંદકી દુર કરી સ્વચ્છતા જળવાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

# ડભોડા રામનગર પાસેથી દારૂ-બિયરનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૨૬

ડભોડા રામનગર વિસ્તારમાં ઓન.એન.જી.સી. કુવા પાસે દારૂ-બિયરનો જથ્થો સંતાડી વેપલો ચલાવાતો હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે રાત્રે દરોડો પાડી ૮૪ નંગ વિદેશીદારૂની બોટલો તથા ૬૮ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૪૨ હજારની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો પકડીને જપ્ત કર્યો છે તો બીજી તરફ બુટલેગર વોન્ટેડ છે.

ડભોડા પીએસઆઈ પી.જે. સોલંકીએ બાતમીના આધારે ગઈ રાત્રે તેમની ટીમ સાથે રામનગરના



ઓએનજીસી કુવા પાસે દરોડો પાડયો હતો. રોયલ સ્ટેગની ૬૬ નંગ બોટલ કિં. રૂ. ૨૬,૪૦૦ અને વાઈસ નાઈટ પ્રીમીયમ વ્હીસ્કીની ૧૮ નંગ બોટલ કિં. રૂ.૫૪૦૦ મળી ૮૪ નંગ વ્હીસ્કીની બોટલો તથા ૬૮ નંગ હેવર્ડસ-૫૦૦૦ સ્ટ્રોંગ બિયરના ટીન કિં. રૂ. ૧૦,૨૦૦ મળીને કુલ રૂ. ૪૨ હજારની કિંમતનો દારૂ-બિયરનો જથ્થો પોલીસને મળી આવ્યો હતો. રામનગરનો જશુ ચંદુ વાઘેલા દારૂ-બિયરનો વેપલો કરતો હતો. પોલીસ દરોડા દરમિયાન બુટલેગર જશુ સ્થળ પરથી મળી આવ્યો ન હોવાથી મુદ્દામાલ જપ્ત કરીને પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ફરાર બુટલેગર જશુ વાઘેલાની શોધખોળ પણ શરૂ કરી દેવામાં આવી છે.

# જીવનમાં દાદા-દાદીની ભૂમિકા વિષયે સહચિંતન યોજવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૬

અત્યારે સંયુકત કુટુંબ તુટતા જાય છે અને વૃધ્ધાશ્રમો વધતા જાય છે તેવા સંજોગોમાં શેઠ સી.એમ. શાળા ખાતે જયોતિ મહિલા મંડળ દ્વારા દાદા-દાદીનું પૌત્ર દ્વારા હાથ પકડીને સ્ટેજ પર દોરી લાવી ગુલાબનું ફુલ અર્પણ કરી આશીર્વાદ મેળવવાનો ગુણવત્તા સભર કાર્યક્રમ યોજાઈ ગયો.

આ પ્રસંગે કેટલાંક વિદ્યાર્થીઓના હૃદયસ્પર્શી પ્રસંગો આંખમાં આંસુ લાવી દે તેવા હતા. પ્રજાપતિ કિશને કહ્યું કે, 'મને મંદિરમાં મૂર્તિના દર્શન થતાં ન હોવાથી ખભે બેસાડીને દર્શન કરાવ્યા હતા.' પટેલ મનના કહેવા મુજબ 'હું ચાર વર્ષનો હતો ત્યારે રાત્રે ૮ વાગે ટાંકીમાં પડી ગયો ને મને દાદાજીએ ટાંકીમાં કૂદીને બચાવેલો.' જયારે પારેખ ઉમેશે કહ્યું કે, 'મારા દાદાએ મને ધો-૩માં કયારેક હોમ-વર્ક પણ ટીચરની વઢ ન પડે તે માટે કરી આપેલું.' રોય આર્યન કહે છે કે, 'દાદીજીએ મને ચપટી વગાડતા શીખવાડી હતી તે મને આજે પણ યાદ છે.' મોદી દર્શને યાદ કરતાં કહ્યું કે, 'કદી ચોરી ન કરતો, વ્યાજે રૂપિયા ન લાવતો ની શીખ દાદાએ આપેલી.' જયારે ઓડ રાહુલ કહે છે કે, 'મમ્મી શરદી થાય તો ચોકલેટ ના આપે તો દાદી કયારેક બગીચામાં લઈ જઈ ચોકલેટ ખવડાવતા'. આવા હૃદય સ્પર્શી







પ્રસંગો સાંભળી સ્ટેજ પરથી દાદા-દાદીની આંખમાથી અશ્રુધારા વહી રહી હતી.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી બી.કે. પટેલે સ્વાગત પ્રવચન કરેલ જયારે પ્રમુખ લતાબેન ચોકસીએ કાર્યક્રમની પ્રસ્તાવના સમજાવી હતી. દાદા-દાદીનું જીવનમાં મહત્વ વિષય પર હર્ષદભાઈ ત્રિવેદીએ કહેલું, દાદાએ દાદાગીરી ન કરવી. આપણે જ તેમને સારા ખોટા સંસ્કારો આપીએ છીએ. બાળકો કયારેય ખરાબ નથી હોતા. દાદા-દાદીના પ્રેમમાં ભરતી ઓટ આવતી જ નથી. મહેન્દ્ર ત્રિવેદીએ દાદા-દાદીને સારા માનવી બનાવવાની યુનિ. તરીકે બિરદાવ્યા હતા. જયારે શ્રી અરુણ બુચે કહ્યું કે 'જો આપણે બાળકોને ઘોડિયાઘરમાં રાખીશું તો તેઓ આપણને વૃધ્ધાશ્રમમાં મોકલશે.' ચેતના બુચે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ કરી હતી.

## વાતવાતમાં

● સે-૮માં આસ્થા પરિવાર હોસ્ટેલ પાસે એક કુતરીએ બે બચ્ચાંને જન્મ આપ્યો હતો. છાત્રાલયના જીવદયા પ્રેમી માલિક રાજેશભાઈ પટેલે આ બચ્ચાંની સાર સંભાળ લઈ તેનો ઉછેર કરવાની જવાબદારી લીધી છે.

● સે-૬ ભુવનેશ્વર યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવમાં મૂર્તિનું વિસર્જન કરાતું નથી પરંતુ તેનું દાન કરવામાં આવે છે. આ વર્ષે ગણેશજીની મૂર્તિ સે-૨૬ ગ્રીનસીટીમાં અમરધામ સંચાલિત યશોદા અનાથાશ્રમને દાનમાં આપવામાં આવનાર છે.

● ઘ-૭ સર્કલથી પેથાપુર તરફના ચરેડી સુધીના મુખ્ય માર્ગ પર કૂતરાઓના ઝુંડનો ત્રાસ વધી ગયો છે. રોડ પર આમથી તેમ દોડતા હોવાથી દરરોજ એક બે કૂતરા વાહનની ટકકરનો ભોગ બની રહ્યાં છે.

● સળંગ ત્રણ દિવસની રજા મળી જતાં બેંક અને સરકારી કર્મચારીઓ ગેલમાં છે. જો કે ઘણા કર્મચારીઓ રજાના દિવસોમાં ખર્ચા વધી જતા હોવાથી ચિંતામાં પણ જોવા મળી રહ્યાં છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજની આજે મિટીંગ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર, પેથાપુર અને વાવોલ મુકામે વસતા સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજના સભ્યશ્રીઓની સાધારણસભા તા. ૨૭મી સપ્ટેમ્બરના સવારે ૧૦ વાગે ડૉ. આંબેડકર ભવન ખાતેની લોનમાં સેકટર-૧૨ ગાંધીનગર ખાતે મળનાર છે. બેઠકમાં મંડળના હિસાબો મંજૂર કરવા તથા વર્ષ ૨૦૧૫-૧૬ માટેના હોદ્દેદારોની નવેસરથી વરણી કરવામાં આવનાર છે. તો સભ્યશ્રીઓને હાજર રહેવા માટે સુરેન્દ્ર જિલ્લા વણકર સમાજ ગાંધીનગરના મહામંત્રી વસંતભાઈ એલ. જાદવે જણાવેલ છે.

## ગાંધીનગર જિલ્લાના હોમગાર્ડ ભરૂચ-નવસારી ખાતે ગણપતિ વિસર્જનનાં બંદોબસ્તમાં

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના કમાડન્ટ હોમગાર્ડઝ અને નાયબ પોલીસ અધિકારી એલ. એન. જેઠવાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ગણપતિ ઉત્સવ - વિસર્જન બંદોબસ્તમાં ભરૂચ જિલ્લામાં આર. એમ. ઠાકોર, ટીંટોડા યુનિટ, મફાજી રાજપૂત, કલોલ યુનિટના નિયંત્રણ હેઠળ, નવસારી જિલ્લા ખાતે દશરથસિંહ પરમાર, ડભોડા યુનિટ અને ગોવિંદભાઈ પટેલ, ગાંધીનગર યુનિટના નિયંત્રણ હેઠળ પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની ફરજમાં માનદ્ સેવા ૭૨૫ હોમગાર્ડ્ઝ સભ્યો ફરજ બજાવશે તેવું જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડ્ઝે જણાવેલ છે.

# ગાંધીનગરના ગુજ્જુઓનું ઝમીર ઝળકયું

### વાલીવારસ વગરના પર પ્રાંતિય માનસિક અસ્થિર યુવકને પડોશી દર્દીઓએ ખાવા-પીવા અને કપડાં આપ્યા

ગાંધીનગર, તા.૨૬

દયાભાવ, માનવતા અને ઓળખાણ-પીછાણ વગર મદદ કરવી એ ગુજરાતીઓની લાક્ષણિકતા રહી છે. જેના અનેક કિસ્સા જોવા અને જાણવા મળ્યા છે. આવો જ એક કિસ્સો ગાંધીનગર સિવિલમાં જોવા મળ્યો હતો. વાલીવારસ વગરના પર પ્રાંતિય માનસિક અસ્થિર યુવકની હકીકત જાણી આજુબાજુના દર્દીઓ અને સ્વજનોએ મદદનો ધોધ વહાવી દીધો છે. અજાણ્યા યુવકને કોઈ વાહને ટકકર મારી છે અને ૧૦૮ મારફતે સિવિલમાં દાખલ કરાયો છે જો કે મુઢ મારનો ભોગ બનેલ આ યુવકની ભાષા સમજાય તેવી નથી છતાં પણ ગુજ્જુઓએ પોતાનું ઝમીર ઝંઝોળીને મદદનો હાથ લંબાવી દેતા ગરવી ગુજરાતના સંસ્કાર પ્રદર્શીત થયા છે.

ગાંધીનગર સિવિલના પુરૂષ સર્જીલ વિભાગમાં શુક્રવાર બપોરના સમયે ૧૦૮ દ્વારા એક યુવકને દાખલ કરાયો છે. ૧૦૮ને મળેલા કોલ મુજબ ગાંધીનગરથી ચિલોડા વચ્ચે સાબરમતી બ્રિજ નજીક કોઈ અજાણ્યા વાહનની ટકકરે આ યુવક ઈજાગ્રસ્ત બન્યો છે.જો કે ફકત મુઢમાર જ હોવાની પ્રાથમિકતા લાગી



રહી છે છતાં પણ સીટી સ્કેન કે અન્ય તપાસમાં આંતરિક ઈજાઓની ખબર પડી શકે તેમ હોવાનું સિવિલ સુત્રો જણાવી રહ્યા છે. પોલીસ દ્વારા આ યુવકની પુછપરછ કરાઈ ત્યારે તે ફકત જોર જોરથી હસી રહ્યો હતો અને જે કંઈ બોલે તે સમજાતું નથી. જેથી વાલીવારસ વગરના આ માનસિક અસ્થિર પર પ્રાંતીય યુવકની સારવારમાં તેના સગાવ્હાલાં સુધી પહોંચવામાં મુશ્કેલીઓ પડી રહી છે છતાં તબીબોએ સઘન સારવાર હાથ ધરી છે.

ઉપરોકત હકીકત આજુબાજુના દર્દીઓ અને તેમના સગાવહાલાને જાણ થતાં દયાભાવ અને માનવતાના મુળભુત લક્ષણો પ્રગટીને ખાવા-પીવાની વ્યવસ્થા કરી હતી અને કપડા પણ આપ્યા હતા. જેટલું આપો તેટલું ખાઈ જતો આ યુવક પુર્ણ રીતે સ્વસ્થ ન હોવાથી અસભાનતામાં ખાવાનું પણ ભાન નથી રહેતું જેથી હાજર સૌમાં દુઃખની લાગણી ઉભી થઈ છે. સમાજની હર હંમેશ પડખે રહેતું આ અખબાર આ તેની હકીકત વર્ણવીને તેની તસવીરો પ્રગટ કરી રહી છે જેથી જે કોઈ સગા વ્હાલાં કે લાગતા વળગતા હોય તેઓને નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવે છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## પીએનજી ગેસ બિલમાં વધુ આકારણી થતા ગ્રાહકને અસંતોષ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત ગેસ કંપની દ્વારા પીએનજી ગેસ બિલમાં વપરાયેલા યુનિટ કરતા વધુ રકમ ચાર્જ કરાતી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. દ્વિમાસિક વપરાશ લઘુત્તમ દસ યુનિટ હોવો જોઈએ તે મુજબની આકારણીમાં સે-૨૨ના એક ગેસ પાઈપલાઈન ધારકના બિલમાં રૂ. ૧૮ની વધુ આકારણી કરવામાં આવ્યાનો દાવો કરાયો છે.

ગેસ કંપની દ્વારા ગ્રાહકને તા. ૨જી સપ્ટેમ્બરના રોજ બનાવાયેલા જુલાઈ-ઓગષ્ટ માસના વપરાશના બીલમાં કુલ વપરાયેલા ૮ યુનિટની સામે લઘુત્તમ વપરાશના ખૂટતા ૨ યુનિટના બદલે ૨.૬૬૯ યુનિટ ઉમેરીને બિલ આકારવામાં આવ્યું છે. જેના કારણે ગ્રાહકને રૂ. ૧૭.૮૩ વધુ ચુકવવા પડશે. આમ નિયમ કરતા વધુ બિલની આકારણી કરાતા ગ્રાહકને ગેસ કંપની પ્રત્યે અસંતોષની લાગણી થવા પામી છે.

## ચિરવિદાય

- સ્વ. લીલાબેન ભાલચંદ્ર લાલવાણી, ઉ.વ. ૯૫
- સ્વ. મનુભાઈ ગંગારામભાઈ રાઠોડ, ઉ.વ.૪૧
- સ્વ. કલ્પેશકુમાર પ્રહલાદજી શુકલ, ઉ.વ. ૪૩